# પરેશ રાવલને ભાજપ અને અમદાવાદ બાયબાય કહેશે

**અભિનેતા પરેશ રાવલને ફરી ટીકીટ મળવાની શક્યતા ઓછી, અમદાવાદ પશ્ચિમમાં રમણ વોરા નિશ્ચિત**




ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં ગયા વર્ષે અમારા અમદાવાદના સાંસદ ખોવાયા છે... તેવા પોસ્ટર્સ લાગ્યા હતા તેવા અમદાવાદના પૂર્વ વિસ્તારના સંસદસભ્ય અને ફિલ્મ સ્ટાર પરેશ રાવલને આ વખતે ભાજપ અને અમદાવાદની જનતા બાયબાય કરી શકે છે. કેમ કે તેમને ભાજપ ફરીથી ટીકીટ આપવાના મૂડમાં નથી.

અમદાવાદની પૂર્વ બેઠક ભાજપ છેલ્લા ત્રણ ૩૦ વર્ષથી હાર્યું નથી. પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિન પાઠકની ટીકીટ કાપીને ૨૦૧૪માં ભાજપે ફિલ્મ સ્ટાર પરેશ રાવલને મેદાનમાં ઉતાર્યા હતા. તેમણે કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલને ત્રણ લાખ કરતાં વધુ મતોની સરસાઈથી હાર આપી હતી.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અમદાવાદની જનતા ઈચ્છી રહી છે કે કોઈ આયાતી ઉમેદવારને ટીકીટ મળવી ન જોઈએ. ભાજપના કાર્યકરોએ પણ પ્રદેશ એકમને જાણ કરી છે કે આ વખતે સ્થાનિક ઉમેદવારને અમદાવાદ પૂર્વની ટીકીટ આપવી જોઈએ.

પરેશ રાવલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં છે અને તેઓ હંમેશા ફિલ્મોમાં વ્યસ્ત રહેતા હોવાથી અમદાવાદના ભાજપના કાર્યકર કે મતદારોના ફોન ઉપાડતા નથી. લોકોના કામો પણ કરતા નથી. ગયા વર્ષે અમારા સાંસદ ગૂમ થયા છે તેવા પોસ્ટર્સ અમદાવાદમાં લગાડવામાં આવ્યા હતા. એટલું જ નહીં ચાંદખેડાની એક સોસાયટીમાં તેઓ જ્યારે એક કાર્યક્રમમાં ગયા ત્યારે સ્થાનિકોએ તેમનો વિરોધ કર્યો હતો.

૨૦૦૯ના સીમાંકન બાદ અમદાવાદની બેઠક બે બેઠકોમાં વહેંચાઈ ગઈ હતી. ધોળકાની બેઠક રદ કરી ચૂંટણી પંચે નવા સિમાંકન પ્રમાણે અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમ બેઠક બનાવી હતી. અમદાવાદની મૂળ બેઠક અમદાવાદ પૂર્વમાં ૧૯૮૪માં કોંગ્રેસ છેલ્લી વાર ચૂંટણી જીતી હતી. ૧૯૮૯થી આ બેઠક પર ભાજપે કબજો જમાવ્યો છે. ૨૦૧૪માં અમદાવાદની બન્ને બેઠકો પર ભાજપના ઉમેદવારો પરેશ રાવલ અને ડો કિરીટ સોલંકી જીત્યા હતા.

પાર્ટીના સૂત્રો કહે છે કે અમદાવાદની બન્ને બેઠકોમાં આ વખતે ઉમેદવારો બદલાઈ રહ્યાં છે. પરેશ રાવલની જગ્યાએ ભાજપ કોઈ પૂર્વ મેયર કે સ્થાનિક નેતાને ટીકીટ આપી શકે છે, જ્યારે અમદાવાદ પશ્ચિમની બેઠક પર વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણ વોરાના નામની અટકળો ચાલી રહી છે.

# ઉનાળા પર વાદળોની એર સ્ટ્રાઈક...!!!

**દિવસભર પાટનગરના આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા : તાપમાનનો લઘુત્તમ પારો ફરી ગગડીને ૧૨.૪ ડિગ્રી**

ગાંધીનગર, તા.૧૩

પાટનગરના આકાશમાં શિયાળાની વિદાય અને ઉનાળાના આગમનની ઋતુ સમયે અચાનક વચ્ચે જાણે 'અષાઢે' એન્ટ્રી મારી હોય તેમ વાદળો ગોરંભાયા હતા જેને પગલે શહેરમાં વાતાવરણમાં ફરી એકવાર ઠંડકનો અહેસાસ થવા સાથે કમૌસમી વરસાદનો ખતરો પણ તોળાયો હતો. વહેલી સવારથી રાત્રિ સુધી સતત વાદળછાયાં વાતાવરણને પગલે અનેક નાગરિકોને બેચેની, માથુ દુઃખવું, શરીર તુટવું તથા આંખો પર ભાર લાગવો જેવી ફરિયાદો રહેવા પામી હતી. શહેરમાં આજે તાપમાનનો લઘુત્તમ પારો જે ૧૮ ડિગ્રી સે. હતો તે ગગડીને ૧૨.૪ ડિગ્રી સે. નોંધાયો હતો.



છેલ્લા કેટલાક દિવસોથી શહેરના વાતાવરણમાં વારંવાર અણધાર્યા ફેરફારો જોવા મળી રહ્યા છે. કયારેક એવું અનુભવાય છે કે ઠંડી એ વિદાય લઈ લીધી છે તો કયારેક એવું લાગે છે કે શિયાળો એમ કાંઈ આસાનીથી મેદાન નહીં છોડે. શિયાળા-ઉનાળાની આઈસ-પાઈસ રમત વચ્ચે અચાનક જાણે આકાશમાં વાદળો 'એર સ્ટ્રાઈક' કરવાના મુડમાં હોય તેમ જ ઉમટી આવતા જિલ્લાના ખેડૂતો તો ચિંતાતુર બન્યા પરંતુ સાથોસાથ પાટનગરના નાગરિકોના 'મુડ' પર પણ ફાયરીંગ થયું હોય તેવી અસર જોવા મળી હતી. વાદળછાયા વાતાવરણને પગલે શહેરીજનોને બેચેની, થકાવટ અને કંટાળાનો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૩ કેસ સ્વાઈન ફ્લુના મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફ્લુના ૩ પોઝીટીવ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

**જિલ્લામાં કુલ કેસ ૪૧ થયા : આજે બે પુરૂષ અને મહિલા દર્દીને સ્વાઈન ફ્લુ જણાયો**

મળતી વિગતો પ્રમાણે આજે મળેલા આ ૩ કેસો સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં આ નવી સિઝનમાં કુલ કેસ ૪૧ થયા છે. આજે નોંધાયેલા ૩ કેસમાં બે પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ અર્બન હેલ્થ સેન્ટર વિસ્તારના એક ૮૫ વર્ષીય વૃદ્ધને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજ પ્રમાણે ગાંધીનગર તાલુકાના ઉનાવા પી.એચ.સી. વિસ્તારની એક ૫૫ વર્ષીય મહિલાને પણ આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને પણ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અર્બન હેલ્થ સેન્ટર વિસ્તાર માણસામાં એક ૩૮ વર્ષીય યુવાનને પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ બે દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સૂત્રોના જણાવ્યાનુસાર નોંધાયેલ દર્દીઓ પૈકી ૩૬ દર્દી અત્યાર સુધીમાં સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

હાલ જિલ્લાના પાંચ દર્દીઓ વિવિધ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયેલા છે અને ત્યાં તેઓની સ્થિતિ સ્થિર હોવાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ તંત્રના અધિકારીઓએ મળી આવેલા કેસોના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સના આદેશો જારી કરી દીધા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તાર બાદ હવે જિલ્લાના નાના શહેરોમાં પણ સ્વાઈન ફ્લુના કેસ જોવા મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

# રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ ૧૫મીએ ગાંધીનગર જિલ્લાના પ્રવાસે આવશે

ગાંધીનગર, તા. ૧૩

દેશના મહામહીમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદ ૧૫મી માર્ચના રોજ ગાંધીનગર આવી રહ્યા છે.

એક દિવસના પ્રવાસે આવતા રાષ્ટ્રપતિ સવારે હવાઈમાર્ગે અમદાવાદ આવ્યા બાદ ગાંધીનગર રાજભવન પહોંચશે.

રાજભવનથી તેઓ ગ્રામભારતી ખાતે ગાંધીનગર-મહુડી માર્ગ પર રાષ્ટ્રીય નવ પ્રવર્તન પ્રતિષ્ઠાન દ્વારા યોજાયેલ ત્રિદિવસીય પ્રદર્શન અને વર્કશોપને ખુલ્લો મુકશે.



પ્રાપ્ત થતી વિગતો મુજબ મહામહીમ રાષ્ટ્રપતિ ગ્રામભારતી સંસ્થામાં ઉપસ્થિત નવ સંશોધકોની સાથે સીધો સંવાદ પણ કરશે એટલુ જ નહિ પ્રદર્શનની મુલાકાત લઈ તેમને પ્રોત્સાહિત કરશે.

આ પ્રદર્શનમાં ગ્રામક્ષેત્રના રોજીંદા જીવનની સમસ્યાઓ ઉકેલાઈ ગઈ હોય તેવા સંશોધનો પ્રદર્શિત કરવામાં આવનાર છે. ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્ર વચ્ચે સેતુનુ કાર્ય કરતા આ પ્રદર્શનથી ગ્રામીણ સંશોધકોને પ્રોત્સાહન મળવાની સાથે તેમના સંશોધનનો વ્યાપક લાભ દેશને પણ મળશે.

રાષ્ટ્રપતિ કોવિદ અહિંથી બે થી ત્રણ કલાક જેટલો સમય ગાળશે અને પછી ત્યાંથી પરત આવી તેઓ દિલ્હી જવા રવાના થશે.

# સે. ૬ની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સે. ૬ની એક ૫૫ વર્ષીય મહિલાને આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે.

એક સપ્તાહ કરતાં પણ વધુ સમય બાદ શહેરમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળી આવતાં તંત્ર દોડતુ થયુ છે. આ કેસ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૨ પર પહોંચી છે. સે. ૬માંથી આ નવો કેસ મળી આવતાં તંત્રએ સર્વેલન્સના આદેશો જારી કર્યા છે. જોકે કોઈ નવો કેસ મળ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુથી અત્યાર સુધીમાં એક મૃત્યુ નોંધાયુ છે. જોકે ૨૦ દર્દીઓ સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમનો હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# જિલ્લામાં ઉનાળુ વાવેતરનો આરંભ

**બે થી ત્રણ કિલો વજન ધરાવતા બટાટા પણ જોવા મળ્યા : ઉનાળુ વાવેતર ૨૯૦૦ હેક્ટરમાં નોંધાયુ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનના વાવેતરમાં સાનુકૂળ હવામાન રહેતાં રાયડો, ઘઉં અને બટાટાનું વિક્રમી ઉત્પાદન થવાના અંદાજો છે.

જિલ્લામાં સતત અને સળંગ ઠંડીનો માહોલ જળવાઈ રહેતાં બટાટાના ઉત્પાદનમાં તો એક બટાટાનું બે થી ત્રણ કિલો વજન ધરાવતા બટાટા પણ માણસા પંથકમાં મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત રાયડાના પાકમાં પણ આ વખતે સારૂ એવુ હેક્ટરદીઠ ઉત્પાદન મળશે તેવુ ખેડૂતો સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યુ છે. ઘઉં જે જિલ્લાનો મુખ્ય પાક છે તેનુ પણ આ વખતે વિક્રમી ઉત્પાદન જોવા મળી રહ્યું છે. બીજી તરફ સરકાર દ્વારા ઘઉંના ઉત્પાદનની પણ ટેકાના ભાવે ખરીદી કરવાની કરાયેલી જાહેરાત પછી ખેડૂતો દ્વારા આ રજીસ્ટ્રેશનની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે.

રવિ ઉત્પાદનના સારા સમાચાર પછી ખેડૂતોએ પાણીની ઉપલબ્ધિને નજરમાં રાખી ઉનાળુ વાવેતરનો પણ પ્રારંભ કરી દીધો છે. જોકે આ વખતે ખેડૂતો દ્વારા ઘાસચારાનું વાવેતર કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૯૦૦ હેક્ટરમાં ઉનાળુ પાકોનું વાવેતર નોંધાયુ છે. જેમાં ૧૭૯૨ હેક્ટરમાં ઘાસચારો, ૪૦૦ હેક્ટરમાં શાકભાજી, ૨૪ હેક્ટરમાં મગફળી અને ૬૦૦ હેક્ટરમાં બાજરીનું વાવેતર થયુ છે. જોકે વાતાવરણમાં છેલ્લા બે દિવસથી આવેલા પલ્ટાને પગલે ઉનાળુ પાકોના વાવેતરમાં થોડીક બ્રેક લાગી છે. જોકે પાણીની અછતને કારણે આ વખતે ઉનાળુ પાકના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાની સંભાવનાઓ પણ જોવા મળી રહી છે.



દક્ષિણ ભારતની કેરી - સેક્ટર-૨૧ના માર્કેટમાં દક્ષિણ ભારતની કેરી આવી છે... હોળી પહેલા કાચી કેરી પણ કોઈ ખાય નહિ પણ બદલાતા સમય, સંજોગોમાં હવે લગ્ન પ્રસંગોમાં કેરીનો રસ પણ પીરસાય છે અને દક્ષિણ ભારતની કેરીનું ધૂમ વેચાણ પણ થાય છે... એક અહેવાલ મુજબ સેક્ટર-૨૧માં ૨૦૦ કિલોથી વધુ કેરી વેચાઈ છે...

# ધો-૧૦ની ગણિત વિષયની પરીક્ષા દરમિયાન લીંબોદરામાંથી ડમી વિદ્યાર્થી ઝડપાયો

ગાંધીનગર તા ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી બોર્ડની પરીક્ષા દરમિયાન ગઈકાલે ધો -૧૦ માં ગણિતના પેપર દરમિયાન મુબારકપુરાના પેટા કેન્દ્રની પી પી આર શાહ વિદ્યાલયમાં બ્લોક નં -૨૭માં બેઠક વ્યવસ્થા ધરાવતા મુળ વિદ્યાર્થીના સ્થાને એક ડમી વિદ્યાર્થી પરીક્ષા આપતો ઝડપાયો હતો. આ અંગે સરકારી પ્રતિનિધિએ કલોલ પોલીસને જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધો -૧૦ માં ગણિત વિષયની પરીક્ષામાં ગઈકાલે કલોલ તાલુકાના લીંબોદરા ગામની પી પી આર શાહ હાઈસ્કુલમાં એક ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો.ગઈકાલે ગણિતની પરીક્ષા દરમિયાન ઉનાવાના એક વિદ્યાર્થીની જગ્યાએ અન્ય વિદ્યાર્થીના સ્થાને બેસીને પરીક્ષા આપતો હતો. જયારે આ દરમિયાન ખોટુ નામ ધારણ કરીને પોતાને નુકશાન થશે તેવી જાણકારી હોવાછતા અન્ય વિદ્યાર્થીના સ્થાને પરીક્ષાખંડમાં હાજર રહ્યો હતો. જયારે ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપતા આ ઈસમને સ્થળ સંચાલક, સુપરવાઈઝર તથા સ્કોડના સભ્ય અને સરકારી પ્રતિનિધિએ ઝડપી લીધો હતો. જયારે ડમી વિદ્યાર્થીને ઝડપી તેની વિરૂધ્ધ કલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે. પી એસ આઈ આર એન વાઘેલા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ચિલોડા-સરખેજ માર્ગ પર ફલાય ઓવર બનાવવા માટે ડાયવર્ઝન મેપ તૈયાર કરાશે

**ટુંકમાં જ બ્રિજના કામને અનુલક્ષી ટ્રાફિક ડાયવર્ટ માટેનુ આયોજન આખરી થશે : આ માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાશે**

ગાંધીનગર તા ૧૩

ચિલોડા સરખેજ હાઈવેને અનુલક્ષી માર્ગ નવિનીકરણની કામગીરી શરૂ થતા આગામી દિવસોમાં રૂટમાં આવતા વિવિધ જંકશનો પર નવા ફલાય ઓવર બનાવવા માટે ટુંકમાં કામ શરૂ કરાશે. જયારે આ માટે ટ્રાફિક ડાયવર્ઝન માટે મેપ તૈયાર કરવાનુ કામ પણ ચાલી રહ્યુ છે.

ચિલોડા સરખેજ હાઈવે પર માર્ગને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ છે. એસ જી હાઈવે સાથે જોડાયેલા આ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગના નવિનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ રૂટમાં માર્ગને પહોળો કરવા ઉપરાંત ફલાય ઓવર બનાવવાનુ પણ આયોજન છે. જયારે રૂટમાં આવતા ક્રોસ રોડ બંધ કરીને માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ નવતર આયોજન કરવામાં આવશે. ચિલોડા સરખેજ રૂટના નવિનીકરણને અનુલક્ષી હાલ આ રૂટમાંથી મોટી સંખ્યામાંથી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. વૃક્ષોની કટોતીના મામલે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. જો કે હાલ આ માર્ગ પર વાહનોની સંખ્યા વધવાની સાથે તેની ક્ષમતા કરતા ટ્રાફિકનુ પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. ત્યારે આ માર્ગનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. એસ જી હાઈવે વાહનોની અવરજવરની સામે સાંકડો બનતા માર્ગ સલામતીના મુદ્દે પણ અનેક સવાલો મંડરાયા છે. ત્યારે આ માર્ગની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. હાલ આ રૂટમાં ઘ-૦, સરગાસણ, ઉવારસદ, ખોડિયાર અને વૈષ્ણોદેવી સહીતના જંકશન પર ફલાય ઓવર તૈયાર કરવા માટેની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ માટે સર્વે અને અભ્યાસ ચાલુ કરી દેવાયો છે. જયારે ટ્રાફિક ડાયવર્ઝન માટે ડિઝાઈન તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ડાયવર્ઝનનો મેપ તૈયાર થઈ ગયા બાદ સ્થળ પર ફલાય ઓવર બનાવાનુ કામ હાથ ધરાશે. આગામી દિવસોમાં બ્રિજનુ કામ શરૂ કરાયા બાદ આ રૂટમાં ટ્રાફિકનો સિનાયરીયો બદલાશે. આડા દિવસોમાં આમ પણ આ રૂટ ટ્રાફિક જામનો અડ્ડો બની ગયો છે. વાહનોની અવરજવર વચ્ચે સાંજના સમયે તેમજ રાત્રિના કેટલાક જંકશનો પર ચક્કાજામના દ્રશ્યો સર્જાય છે. જેના લીધે નાગરિકોનો સમય અને ઈંધણનો બગાડ થાય છે. જો કે આગામી દિવસોમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચેનુ અંતર ટુંકા સમયમાં ઝડપથી કાપી શકાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ભરતી મોકૂફ રાખેલ છે
ધી ગાંધીનગર અર્બન કો.ઓ.બેંક લિ.ની તા.૧૨-૦૩-૨૦૧૯ને મંગળવારના રોજ કર્મચારીની ભરતી બાબતે જાહેરાત આપેલ તે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતાને અનુલક્ષીને હાલ પુરતી કર્મચારીની ભરતીની પ્રક્રીયા મોકૂફ રાખલે છે.
મેનેજીંગ ડિરેક્ટર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com